સાલ : ૮ / સિલસિલાવાર નંબર : ૮૭ / શુમારો : ૩

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

કુલ પાના - ૧૦+૨

مشكوة الهادي

Mishkaat-ul-Haadi

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

**નાશિર** : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. **તા. ૧ રબીઉલ અવ્વલ ૧૪૩૨ હી., ૪-૨-૨૦૧૧**

# -::: હિદાયત : કોણ આપે, કોણ લે અને કોણ ન લે :::-

**☐ શરીઅત શું છે ? :-**

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની રિસાલત અને નુબૂવતની દાઅવત આખિરી અને તમામ છે. આપની દાઅવત ઝાહિરી શરીઅત અને ઈલ્મો અમલની દાઅવત છે. આપની શરીઅત તે આખિરી શરીઅત છે કેમકે, આપના દિલ પર કુરઆન ઉતરા કે જે અલ્લાહના આખિરી કલામ છે અને શરીઅતનો સરચશ્મો છે. આખિરી શરીઅત આગલી તમામ શરીઅતોને જમા કરનારી હોય છે. જે કમી અને ઓછપ આગલા નબીઓની ઉમ્મતોની શરીઅતોમાં હતી તેને અલ્લાહતઆલાએ આખિરૂન્નબીયીન અને ખત્મુલ મુરસલીન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શરીઅતમાં પૂરી કરી દીધી. યાઅની આપ **નબી સાહબની શરીઅત કયામત તક કામિલ અને સાબિત શરીઅત છે** જેમાં ફેરફાર કે નવા-જૂના કે પસંદ-નાપસંદની કોઈ ગુંજાઈશ નથી.

**"શરઅ"** પરથી શરીઅતનો લફઝ આવેલો છે, જેનો મતલબ રસ્તો અને રસ્મો રિવાજનો થાય છે. શરીઅત તે છે કે, જે રસ્તો ભૂલેલા લોગોને રસ્તા પર લગાડે છે, જેના છેડા પર એક મંઝિલ હોય છે. હર એક ઈમાનદારને શરીઅતના પાબંદ રહીને મંઝિલ પર પહોંચવાનું હોય છે. મંઝિલ પર પહોંચો યાઅની એના મકસદ પર પહોંચી ગયો. મકસદ પર પહોંચો યાઅની અલ્લાહતઆલાએ ઈન્સાનની પૈદાઈશ પાછલ જે ઈરાદો રાખેલો છે તે હાસિલ થઈ ગયો, પૂરો થઈ ગયો. સબબ કે, **મકસદે ઝિંદગી જાણીને એ હિદાયત-યાફતા થઇ ગયો.** આપ નબી સાહબની રિસાલત અને નુબૂવતનો મકસદ હિદાયતનો છે. હિદાયતથી ગુમ્રાહીના ખૌફથી નજાત મિલી અને રિસાલતની દાઅવત પૂરી થઈ. જે રસ્તા પર ગુનાહગારોને લગાવવાના હતા અને મુઆફી-મગફેરત કરાવવાની હતી તે કારે દાઅવત પૂરૂં થયું. દાઅવત એ જ હિદાયત છે, પૈશતરની ભૂલો અને લગઝિશોની મુઆફી-તલાફી છે. **આપ નબી સાહબ દાઇએ અમીન છે, હિદાયતના ચમકતા દીવા છે.** આપ લોગોને જહન્નમના અઝાબે ઈલાહીથી ડરાવનાર-નઝીર અને જન્નતની હમેશા રહેનારી નેઅમતે ઈલાહીનો પયામે મસર્રત આપનાર-બશીર છે. તેમજ હિકમત, શીખામણ, ઉમ્દા નસીહત અને ભલી વાતોથી લોગોને અલ્લાહની તૌહીદ તરફ ઈઝન આપનાર છે.

**☐ હિદાયતને કુબૂલ કરનાર અને તેનો ઇન્કાર કરનાર :-**

એવું બને જ નહીં કે, દાઅવત આપનારની દાઅવતને કુબૂલ કરીને તમામ જ હિદાયત હાસિલ કરતા થઈ જાય. જો તમામની આ હાલત હોય યાઅની કે, કોઈ ગુમ્રાહ ન હોય, ગુનાહગાર ન હોય તો દાઅવત આપવાનો મકસદ બર ન આવે. પછી સવાલ એ ઉભો થાય કે, સાહબે દાઅવત કોણે દાઅવત આપે ? કોણે સમઝાવે ? સીધા રસ્તા-સિરાતે મુસ્તકીમની શનાખ્ત કોણે કરાવે ? હક્ક વાત તો એ છે કે, ગુમ્રાહ લોગોને જ સીધા રસ્તા પર આવવાની દાઅવત અપાય. **જેના દિલોમાં મરઝ હોય, સખ્ત બીમારી હોય તેનો જ હિદાયતના નુસ્ખાથી ઇલાજ કરાય.** જેઓ અંધારામાં-ઝોલ્મતમાં ફસાઈ ગયા હોય તેઓના દરમિયાન જ હિદાયતની શમ્અ જલાવીને અંધારૂં દૂર કરાય અને મંઝિલે બાકી-આખેરત તરફ જાવાનો ઈરાદએ નૈક કરાવી રસ્તા પર તેઓને લગાવી દેવાય. જો હિદાયત આપનાર હોય અને હિદાયત લેનાર ન હોય તો તે દાઅવત જ અધૂરી છે, બેમાઅના છે. જો દાઅવત

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**કોઈ કામ મુશ્કિલ હોતું નથી, પણ વકત, જગા અને તરીકો તેને મુશ્કિલ બનાવે છે.**

*(પેજ નં. ૧નું બાકી)*

***હિદાયત : કોણ આપે .....***

આપનાર દાઈ હોય અને તેને ઝુઠલાવનારા ન હોય તો અલ્લાહતઆલાએ દાઈની સૂરતમાં જે સિરાજે મુનીરની ચમક અને આબોતાબ મુકેલી છે તેની હુરમત અને ઈઝઝત ન રહે. **હાદી યા દાઇની દુનિયામાં મૌજૂદગીના બાવુજૂદ હર કોઇ હિદાયત લેતું નથી અને હર કોઇ હિદાયતને લાયક હોતું નથી.** લેહાઝા હર ગુમ્રાહ શખ્સને અલ્લાહતઆલા હિદાયતની દૌલતથી નવાઝતો નથી.

જો ઉમ્મતના તમામ લોગોને હિદાયતના કલામ અને નસીહતના અલ્ફાઝ ગલે ઉતરી જાતા હોત, તો આ ચીઝ પહેલા ઝમાનએ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) માં બની હોત. પણ તમામ લોગો સાયએ રિસાલતમાં આવી ગયા હોય યા કલામે હાદીથી તમામના દિલ રોશન થઈ ગયા હોય એવું કોઈ નબી, વસી, ઈમામ યા દાઈના ઝમાનમાં બનું નથી. ઈમામુઝઝમાન (અ.સ.) જે મકામના સાહબ છે, તેમને માનનાર તમામ જો હક્ક અને હિદાયતના પરચમને નીચે આવી જાય તો ઈમાનમાં બહેતરી-ખરાબી, કમાલ-નુકસાન યા ઉંચ-નીચ ન રહે. તમામ લોગોના મનાઝિલ, દરજાત અને મરતબાઓ એક જ થઈ જાય. કોઈ ફાઝિલ-ઉંચો નહીં કોઈ મફઝૂલ-નીચો નહીં, કોઈ હુશિયાર-આલિમ નહીં કોઈ બેવકૂફ-જાહિલ નહીં. કુરઆને કરીમની "ઈન્નલ્લઝીના આમનૂ...." વાલી આયત તમામ લોગો વાસ્તે ખાસ થઈ જાય અને "ઈન્નલ્લઝીના કફરૂ...." વાલી આયતની નઊઝો બિલ્લાહ કોઈ માઅના બાકી રહે જ નહીં, બાતિલ થઈ જાય. આમ બનવું ગૈર-મુમ્કિન છે. દાઅવતે હક્કના મરતબાના સાહબોની હિદાયતના નૂરાની કલામથી જેઓ મુનવ્વર થયા તેને વાસ્તે જ "**ઇન્નલ્લઝીના આમનૂ....**" ની આયત છે અને અલ્લાહ જલ્લા શાનોહૂએ જેઓને આ ખુસૂસીયતથી મહેરૂમ રાખા તેઓ "**ઇન્નલ્લઝીના કફરૂ....**" ના અહલ-લોગો બના, જેઓએ અલ્લાહતઆલાની નેઅમતને કુફ્રમાં તબ્દીલ કરી નાખી. આ તે લોગો છે જેની ગિન્તી અહલે ઈમાન અને અહલે માઅરેફત કરતા ઘણી ઘણી છે. **ઇમાનદારોની તાઅદાદ તો ખૂબ કમ છે.** આ ઈમાનદારોને પાસે એવું જૌહર છે જે બીજા પાસે નથી. તેઓ તમામ કરતા તૈયેબ-પાકીઝા અને આઅલા દરજાના લોગો છે, જે પૂરી દુનિયામાં ઘણા કમ હોય છે. ઈમામે હક્કને ઈલ્મ-અમલથી કુબૂલ કરવું તે "હોદા" છે અને શરીઅતના હલાલ-હરામના પાબંદ રહેવું તે "હિદાયત" છે, આ બેવે "**હોદા**" **અને** "**હિદાયત**" **ફક્ત ઇમાનદારોને હાસિલ થઇ છે, જે મુઠ્ઠીભર હોય છે.** ઈમામની માઅરેફત અને શરીઅત પર ચાલવું તે સિરાતે મુસ્તકીમ છે, જે સિરાત પર ચાલવું આસાન અને સહેલ નથી. જો તે એટલું જ આસાન હોત તો હરરોઝ નમાઝી, હર રકાતમાં "સૂરતુલ ફાતેહા" માં "એહદેનસ્સિરાતલ મુસ્તકીમ" ની દોઆ, યાઅની કે, "(અય અલ્લાહ) તું મને સિરાતે હક્ક-સીધા રસ્તાની હિદાયત દે" ન પઢેત અને હર રકાત તેની કુબૂલીયત વાસ્તે આ દોઆની પઢાઈની મોહતાજ ન હોત.

☐ **ઇલ્લીયીન લોગો અને તેમના ઇમામ :-**

હિદાયત, ઈલ્લીયીનના લોગો વાસ્તે છે જેઓની પૈદાઈશ-તખ્લીક, તહારત અને ઈફ્ફત પર હોય છે. આ પૈદાઈશનો સબબ પંજતને પાક (અ.સ.) ના નૂરથી છે. આ પંજતની નૂરના શરફથી તેઓ અસ્હાબુલ યમીન (જન્નતી લોગો) અને ખૈરે ઉમ્મત (બહેતરીન ખાસ લોગો) બના. **અલ્લાહતઆલા ઇલ્લીયીનના લોગોથી આ ઝમીન ખાલી રાખતો નથી, તેઓ હર ઝમાનમાં મૌજૂદ હોય છે.** આ લોગોથી બીજાઓ હસદ કરે છે, તેમની હિકમતભરી ભલી વાતોનો ઈન્કાર કરે છે, તેમની દાઅવતને રદ કરે છે, શીખામણોને ઝુઠલાવી દે છે, જાદુગર કહે છે, પાગલ-મજનૂન કહે છે, કાઝિબ-જૂઠા કહે છે, વગૈરા. આ તરહ હક્કના સાહબો-ઈલ્લીયીનનો હસદ કરનાર ભલે ને ઝિયાદહ હોય, ગિન્તીમાં વધારે હોય પણ તેથી કંઈ નબી યા નબીની આલના ઈમામ યા ઈમામના દૌરે સતરના દાઈએ હક્કના મકામ તેમજ રૂત્બામાં કોઈ ફરક પડતો નથી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) મક્કામાં કુફ્ફારોને દરમિયાન અહલે ઈસ્લામની ઘણી જ કમ ગિન્તીમાં પણ રિસાલતના માલિક હતા અને મદીનામાં અહલે ઈસ્લામની હઝારોની

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**દુનિયાના ચક્કરમાં જે ચકરાઈને ચક્કર ખાઈને પડી ગયો તેને હોશ આવતો નથી,**

*(પેજ નં. ૨નું બાકી)* ***હિદાયત : કોણ આપે .....***

ગિન્તીમાં પણ તે જ મુજબ આપનો દરજો હતો. **લોગોની ગિન્તીમાં વધારાના સબબ કઇ દરજો વધતો નથી અને ગિન્તી ઓછી હોવાના સબબ કઇ દરજો ઘટતો નથી.**

જેમ સૂરજ અને ચાંદ એક જ છે તેમ અલ્લાહતઆલા તરફથી હિદાયત આપનાર પણ એક જ હોય છે, યાઅની કે હાદી એ સિરાજે મુનીર છે, ચમકતા સૂરજ અને નૂરાની ચાઁદ છે. કોઈ શર-વિલાદત અને બદ-ઝહેન લોગોના ઈન્કાર કરવાથી આ સિરાજે મુનીરનો દરજો રદ થાતો નથી કેમકે, ઈન્સાનની આમાં કોઈ દખલગીરી હોતી નથી પણ આ દરજો અલ્લાહની તાઇદ-ઈનાયતથી મુકર્રર થયેલો હોય છે. ભલેને ગમે તેવો ઝમાનો આવે, ગમે તેવા ઈલ્ઝામાત શર-પસંદ લોગો લગાવે, ગમે તેવી ઈઝા ઉઠાવવી પડે, પણ સિરાજે મુનીર તો અલ્લાહની રિસાલતને પહોંચાવવાનું કામ કાઈમ જ રાખે છે. હર ઘડી, હર કલામમાં લોગોને સિરાતે હક્ક તરફ વલવાનું કહ્યા જ કરે છે, બિદઅતોને છોડવાનું ટોંકા જ કરે છે, ઈબાદત પર લગાવવા ગફલતની ઊંઘમાંથી બેદાર કરા જ કરે છે. તો પણ રાહે હિદાયત તરફ પલટનારની તાઅદાદ થોડી જ રહે છે. અલ્લાહતઆલાની કિબરીયાઈનો હમ્દ કરનાર અને તેએ બખ્શેલી હર ખાસો આમ નેઅમતોનો શુક્ર કરનાર થોડા જ હોય છે. ઝબાને કુદસાની અને આયતે કુરઆની છે કે, ખબીસ લોગોના વધારે હોવા પર તમેં શું કામ અજબ થાવ છો, શું કોઈ વકત પણ ખબીસ (નાપાક) લોગો, તૈયેબ (પાકીઝા) લોગોને બરાબર થઈ શકે છે ! આ હકીકત એ મુજબ સાબિત છે કે, મૌ.આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તકની તમામ ઉમ્મતોમાં ખબીસીનની કસરત (વધારો) અને તૈયેબીનની કિલ્લત (અછત) ની હિકમતે ઈલાહીને કોઈ બદલી શકતું નથી. અલ્લાહ સુબ્હાનહૂ જ છે જેએ ઉમ્દા અને પાકીઝા પૈદાઈશ વાસ્તે પાકીઝા માટીને ખબીસ લોગોની પૈદાઈશ ની ખરાબ ખાકથી અલગ કરી છે, જેના સબબ અકલમંદોને તેમાંથી નસીહતો સબક હાસિલ થઈ શકે. તૈયેબ લોગો તૈયેબ-તાહેર માટીથી પૈદા થાય છે જેના ગરદનમાં ઈમામે હક્કનો મીસાક સાબિત રહે છે અને હક્કના સાહબ પાસેથી જ હિદાયત હાસિલ કરે છે. તૈયેબીન જાણે છે કે, **"દુનિયામાં આવવા પહેલા જે જગા પરથી તેઓ આવેલા છે ત્યાં દુનિયાની ઝિંદગી પૂરી કીધા પછી જાવાનું છે."** તેઓનો આવવા-જાવાનો મકસદ ત્યારે પૂરો થાશે જ્યારે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શરીઅતને અને આપની આલે પાકની હિદાયતને ગલેથી લગાવી હશે.

### □ હિદાયત આપનારનો ઇરાદો :-

હાદી, એની ઈતાઅત સાથે મોહબ્બતો ઉલ્ફતનો પૈગામ લોગોને આપે છે. એ કોઈ વકત કોઈને દુશ્મન બનાવતા નથી યા ફિત્ના-ફસાદ ફેલાવતા નથી. એનું ઐન કામ છે હિદાયત આપવું અને હિદાયતનો પાયો સુલ્હ અને અમન પર હોય છે. હાદીની દાઅવત કોઈ તરફદારી કે ઈખ્તેલાફ બગૈર તમામ વાસ્તે યકસાઁ હોય છે. રાત-દિન કલેમએ તૌહીદની નિદા સાથે નસીહતના કલામો પહોંચાડતા રહે છે. હિકમત અને દીનદારીથી અલ્લાહના રસ્તા તરફ દાઅવત દેતા રહે છે. પણ જેઓના દિલો મરીઝ છે, ઝમીર કાલા છે, આઁખો પર પડદા પડેલા છે, કાનોમાં પુંમડા ભરાવેલા છે, **તેઓને આ ફાયદાકુન નસીહત અને ખુશગવાર વાઅઝ અસર કરતી નથી.** તેઓ પોતાની લાઈલ્મી અને જેહાલતના સબબ ઈન્કારે નસીહત, ગુરૂરે દૌલત તેમજ કિબરો હસદથી બાહર આવી શકતા નથી. પોતાની હઠધર્મી, ઝિદ અને અકડ પર કાઈમ રહે છે. જ્યાં હક્કના સાહબ અને હક્કના મુમેનીન હોય છે ત્યાં દુશ્મનો-મુન્કેરીનની તાઅદાદ ઘણી ઝિયાદહ હોય છે. હર ઝમાનમાં અલ્લાહતઆલા આ બદ લોગોની બદી અને નાપાકીને તૈયેબીન લોગોમાંથી અલગ કરી દેતો હોય છે. **"અઉઝો બિલ્લાહે મિનશ શયતાનિર્રજીમ"** નો મતલબ જ એ છે કે અલ્લાહતઆલાની રહેમતની પનાહમાં રહેવાનો તૈયેબીન લોગો સવાલ કરે છે જેથી બદી ફેલાવનાર શયાતીનથી મહેફૂઝ રહી શકાય.

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**બહેતરીન ઝબાન તે અલ્લાહની હમ્દો સના કરવું છે.**

## -::: અખ્બારે તૈયેબીયાહ :::-

☐ **મુલ્કે ઈરાનનો યાદગાર ઈલ્મી સફર :-**

હુકૂમતે ઈરાનની કલ્ચરલ મિનિસ્ટરીના ઈઝને ખુસૂસીને કુબૂલ કરીને ૧૧-૧૬ સફર ૧૪૩૨ હિ./૧૬-૨૧ જાન્યુઆરી ૨૦૧૧ ને દરમિયાન માઝૂનુદ્દાઅવત સૈયેદી હાતિમ ઝકીયુદ્દીન સાહબ (દા.ઝિ.) અને મુકાસિરૂદ્દાઅવત સૈયેદી મોહંમદ નૂરૂદ્દીન સાહબ (દા.મ.) મુલ્કે ઈરાનના ત્રણ મશહૂરો માઅરૂફ શહેરો તહેરાન, મશહદ અને કુમની ઈલ્મી અને શકાફતી (કલ્ચરલ) સફર પર પધારા હતા. તાઅલીમી અને તહેઝીબી લેહાઝથી દાઅવતે શરીફાહની તારીખમાં આ પહેલો તારીખી મૌકો હતો કે, સાહબે દાઅવતે એક ઈસ્લામી મુલ્કમાં બીજા મસ્લકો અને ફિરકાઓના સરબરાહોં દરમિયાન અપની જમાઅતે અલવીયાહની પુરઅસર નુમાઈદગી કીધી. હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) હર વક્ત નસીહત કરે છે કે, **"અય મુમેનીન, તમેં તમારી પહેચાનને ન છુપાવો, મગર બીજાઓ નઝદીક તમેં તમારી ઝાત પર ફખર કરો કે તમેં અલવી જમાઅત માંથી છો, અલવી અને હુસૈની મુમિન છો."** આપના આ કલામે મુફીદને અમલમાં લાવવાનો આના કરતા બીજો કયો ઉમ્દા મૌકો હાસિલ થાતો. ૧૯ સાહબોના ગ્રુપમાં અહલે બોહરામાંથી સાહબે દાઅવત જ હતા કે, જેમને અલ્લાહતઆલાએ ઝબાનમાં એવી તાસીર આપી કે, આપે હર જગા ઝાહિર કીધું કે બોહરાની ઈબાદતો, તારીખ, અખ્લાક અને રૂસૂમાત કઈ તરહ આમ શીઆથી અલગ છે. અલવી બોહરા અને બીજી બોહરા કૌમોમાં શું બુનિયાદી ફરક છે કે જેના સબબ અકીદાઓ એક જેવા હોવાના સાથે દોઆતનો સિલસિલો મુખ્તલિફ છે.

માઝૂનુદ્દાઅવતની ઘણા બધા આલિમો સાથે મુલાકાત થઈ, ઈલ્મી ગુફતગૂ થઈ, એક-બીજાની કૌમી ખિદમતો અને તહેઝીબો તાઅલીમના તરીકાથી વાકિફ થયા, મુખ્તલિફ યુનિવર્સીટીના ઈદારાઓના હેડ-ડીન સાથે બેઠકો થઈ, લાઈબ્રેરી અને રીસર્ચના નિઝામનો કરીબથી મુશાહેદો થયો. તમામ કરતા અહમ તો એ વાત બની કે, જે ઈરાની શખ્સ બોહરા કૌમો પર રિસર્ચ કરી રહ્યા છે અને એક તફસીલી કિતાબ બહાર પાડવાના છે એ હોટલ પર સાહબે દાઅવતની ખાસ મુલાકાત વાસ્તે પધારા અને દરાઝ ગુફતગૂ કીધા બાદ ઈઝહાર કીધો કે, **"આજે મારી કિસ્મત બલંદ છે કે, હું દાઅવતે અલવીયાહના માઝૂને મુત્લક સાથે બેસો છું, મને આપના દીદાર નસીબ થયા છે.** આપની મુલાકાતથી મારી કિતાબ વાસ્તે ઘણા સવાલો હલ થઈ શકશે અને આપની જમાઅત વાસ્તે જે કઈ મને લખવાનું છે તે આપના તરફથી મને ફરાહમ થાશે." આ કિતાબ ઈન્શાઅલ્લાહ ચંદ મહીનામાં મંઝરે આમ પર આવશે જેમાં અપની જમાઅતની ઝિક્રે ખૈર અને શનાખ્ત કાઈમ થાશે.

૧૧માં ફાતેમી ઈમામ મૌ.અબ્દુલ્લાહિલ મહેદી (અ.સ.) ના ઝમાનથી ૨૦માં ફાતેમી ઈમામ મૌ.મન્સૂરેનિલ આમિર (અ.સ.) તક બેશુમાર દોઆતે બલાગ (ઝાહિરી ઈમામના ઝમાનના દાઈ) ઈમામે હક્કની હઝરતમાં ઈલ્મે હક્કની તિશ્નગી બુઝાવવા ફારિસ (ઈરાન) થી મિસિર હિજરત કરીને, સફરની મશક્કતો મહેનત બરદાશ્ત કરીને, દીદારે ઈમામથી ફૈઝયાબ થાવા, દાઅવતે ફાતેમીયાહની ખિદમત બજા લાવવા અને હુસૂલે ઈલ્મ વાસ્તે પધારા હતા. **આ દોઆતમાં અન-નસફી, અર-રાઝી, અસ-સિજિસ્તાની, અલ-કિરમાની, અશ-શીરાઝી, અન-નીસાબુરી શામિલ છે, જેઓના બલંદ-પાયા, ઇલ્મો હિકમતથી પુર, ફાતેમી તહેઝીબથી લબરેઝ કિતાબો દાઅવતે શરીફાહના ખઝાનામાં હાઝિર છે.** ઈરાનની સરઝમીન પર આ દોઆતની પૈદાઈશ, પરવરિશ અને તાલીમ થઈ છે. ઈરાનના આ ઈલ્મી સફરથી સાહબે દાઅવતે ઉંચા ઓહદા પર ફાઈઝ મુખ્તલિફ શખ્સો સાથેની મુલાકાતોથી મુશાહેદો કીધો કે, જો હાલના ઝમાનમાં ઈરાનની સરઝમીન પર આ મુજબનો શરમ, હિજાબ અને ઈલ્મનો માહોલ હોય તો દોઆતના ઝમાનમાં આ જ ઝમીન પર કઈ તરહ દીની-ઈલ્મી સરગરમી હશે, હિકમતના

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**ઈબાદત એક તરહનું પંખી છે, જેની પાંખો નમાઝ અને રોઝા છે.**

## -::: આઈનએ દરસે તૈયેબી :::-

□ અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **"વલકદ આતૈનાકા સબ્અમ મિનલ મસાની વલ કુરઆનલ અઝીમ"**, યાઅની હમેં આપને દોહરાવવામાં આવનારી સાત આયતો (સૂરતુલ ફાતેહા) અને કુરઆને અઝીમ-અઝમતવાલા કિતાબ ઈનાયત કીધેલા છે. યહાઁ સાત આયતોનો ઈશારો આલે મોહંમદ (સ.અ.) ના અઈમ્મતે તાહેરીનના સાતરાઓ તરફ છે અને કુરઆને અઝીમનો ઈશારો મૌલાના અલી (અ.સ.) અને આપની આલે અત્હરમાં મૌલાના કાઈમ (અ.સ.) તરફ છે, **જે દૌરે મોહંમદીના આખિરી ઇમામ છે.** આપના હાથ પર કયામત છે અને આપથી શરીઅતે મોહંમદીનો અંજામ અને ઈન્તેહા છે.

□ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"કુલ્લો હસબિન વ નસબિન મુન્કતેઉન ઇલ્લા હસબી વ નસબી, ફઇન્નહૂ બાકિન ઇલા યૌમિલ કયામહ"**, યાઅની મારા હસબ-નસબ (આલ) સિવાય બીજા તમામ હસબ-નસબ મુન્કતેઅ થઇ જાશે (તૂટી જાશે), ફક્ત મારી આલ કયામતના દિન તક બાકી રહેનાર છે. મેં તમારા દરમિયાન બે સકલૈન નફીસ-ભારી ચીઝોને મુકી જાઉં છું. તે સકલૈન-અહલુલ બૈત અને કુરઆનને, અય ઈમાનદારો, તમેં પકડી રાખજો. આ બે ચીઝો છે અલ્લાહના કિતાબ અને અલ્લાહના નબીના ઘરના અહલ-પસંદીદહ લોગો. આ બેવે કોઇ વક્ત એકબીજાથી અલગ નહીં થાય, સાથે જ રહેશે. યહાઁ તક કે, મને હૌઝે કૌસર પર આવી મિલશે. દુનિયાના ખતમ થાવાનો એક દિન પણ બાકી હશે તો અલ્લાહતઆલા તે દિનને લંબો કરશે, યહાઁ તક કે, મારા ફરઝંદોમાંથી મૌલાના કાઈમ ઉઠશે અને **આ મારા ફરઝંદના સબબ દુનિયામાં ઝુલ્મો સિતમનો દૌર મિટી જાશે અને અદલો ઇન્સાફનો દૌર કાઇમ થાશે.**

□ જેમ ઝમાનો ગુઝરશે, તો અફસોસની બિના એ બનશે કે, નૈક ખુશ-અખ્લાક પરહેઝગાર બુઝુર્ગોના બાદ એવી બદ-ઔલાદ આવશે કે જે નમાઝોને ઝાયેઅ કરશે, મુકી દેશે, હલકી ગિનશે. પોતાની ખ્વાહિશોને પૂરી કરવા હરામ અમલ પર સવાર થાશે. હવસખોરી, શહેવત-પરસ્તી અને ગરઝ સિવાય કોઈ બીજી ભલાઈ તરફ નઝર નહી કરે. બદ-કિરદાર ઔલાદ શહેવતના ઝોર પર મઝબૂત મકાનો બનાવશે, ફાખિર-ઝીનતદાર સવારીઓ પર ફિરશે, આઅલા તરીકાના લિબાસ પહેરશે, ખાવા-પીવાની મૌજ-મઝામાં પડી જાશે. પણ જે વક્ત તેઓ પલટીને પોતાની બેકાર થયેલી ઝિંદગીને જોશે અને સુધરવાની કોશિશ કરશે ત્યાં તક ઘણી જ વાર થઇ ગઇ હશે. **ખાક છે એવી ઝિંદગી કે, જે વક્ત તેનાથી ફાયદો હાસિલ કરવાની સમઝ પડે ત્યાં સુધી તો તે ખત્મ થઇ ગઇ હોય.**

□ જે નૈક ઔલાદ પોતાના બુઝુર્ગોના નકશે કદમ પર ચાલશે, પોતાની ખતાઓની તૌબા સાથ ઈમાનને અમલે સાલેહ સાથે જોડશે તો અલ્લાહતઆલા તે ઔલાદને જન્નાતે અદનમાં દાખિલ કરશે. **રહેમત કરનાર અલ્લાહનો આ સાચો વાઅદો છે.** આ જન્નતોમાં તેઓ ભૂંડી-લગ્વ વાતોને નહીં સાંભલે, ફક્ત સલામ અને સલામતીની ગુફતગૂ સાંભલશે. સવારે અને સાંજે હર વક્ત તેઓને રિઝકે ઈલાહી મિલતું રહેશે. આ તે જન્નતો છે કે, જેને હમેં હમારા બંદાઓમાંથી જે મુત્તકી હોય છે, પરહૈઝગાર હોય છે તેને જ વારિસ અને માલિક કરીએ છીએ.

□ **આ સવાલોના જવાબ દરસમાં અપાયેલા છે :**

(૧) મહેરમ અને ગૈર-મહેરમ કોને કહેવાય ? (૨) ઈબ્લીસ અને શયતાનમાં શું ફરક છે ? (૩) મૌ.ઈસાના હવારીયૂન કોન હતા ? (૪) વુઝૂ પહેલા "બિસ્મિલ્લાહ" પઢતા ભુલી જઈએ તો વુઝૂનો શું હાલ થાય ? (૫) શહાદતનો કલેમો શું છે અને તેને કઇ તરહ સમઝવું જોઈએ ? (૬) ફજરના સુન્નતની બે રકાતમાં ફરઝ મુજબ ઉતરતી સૂરતો શું કામ છે ? □

**રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, અલ્લાહતઆલાએ બની આદમ-ઈન્સાનના જિસ્મને ચાર જૌહર-ખાસીયતથી નવાઝેલુ છે. આ જૌહરોને બીજી ચાર ચીઝો મીટાવી દે છે. આ જૌહરો છે, (૧) અકલ (૨) દીન (૩) હયા (૪) નૈક અમલ. હવે ગુસ્સો, અકલના જૌહરને મીટાવી દે છે, તેમ હસદ દીનને, તમાઅ-લાલચ હયાને અને ગીબત અમલે સાલેહને મીટાવી દે છે.** □

**આલિમથી ઈલ્મને તલબ કરવામાં એના રિશ્તેદારો તમામ કરતા ગાફિલ હશે.**

## -::: સલામતી કહાઁ છે ? તલાશ કરો..... :::-

આજે ઈન્સાન પોતાના ઘરમાં સુકૂન અને ઘરને બહાર જાનો માલની સલામતીની તલાશમાં છે. હર તરફ ખૌફ, હિરસ અને બેચૈનીનો માહૌલ છે. કોઈ જગા પર terrorists નો ખૌફ છે તો કોઈ જગા પર ફસાદનો ખૌફ છે, કુદરતી આફતનો ખૌફ છે, તો કોઈ જગા પર બીમારીનો ખૌફ છે. એક આમ આદમી ખૌફની જાલમાં એ મુજબ ફસાયેલો છે કે, એ હર તરહથી સલામતીની તલાશ કરવામાં રાત-દીન ગુઝારી રહ્યો છે. લાખ કોશિશોના બાવુજૂદ, મુસીબત ઈન્સાન પર હર વક્ત એક નવી શાકેલત કે સૂરતમાં આવે જ છે. એક તરહના ખૌફથી અમાન અને ચૈન મીલે તો બીજો ખૌફ એને બેચૈન કરવા વાસ્તે તૈયાર જ હોય છે. આ સઘલી ચીઝો અગર ઝાહેરી તૌર પર યા intellectually પોતાની અકલનું ઝોર લગાવીને સોચવામાં આવે તો માઅલૂમ પડશે કે, આ બધી ચીઝો જે બની રહી છે તે તકદીર છે યા તો જે બનવાનું હશે તે બની રહ્યું છે. મગર અલ્લાહના હકીકી બંદાને વાસ્તે કે, જેને એહલે બૈત (અ.સ.) તરફથી ઈલ્મની નેઅમત મિલેલી છે તે આ સઘલી ચીઝોને અલ્લાહની કઝાઓ કદર માને છે, યાઅની **નથી થાતી કોઇ ચીઝ મગર અલ્લાહની કુદરતથી જ.**

થોડા વક્ત પહેલા TV channels પર અને અખબારોમાં એક ચીઝે ખૂબ ઝોર પકડેલું હતું કે, ઈ.સ. ૨૦૧૨ માં દુનિયા તબાહ થઈ જાશે. કયામત આવવાની છે. ઈન્સાનની હસ્તી મિટી જાશે વગૈરા વગૈરા. આ એવી વાત છે કે જેની ખબર અલ્લાહતઆલા સિવાય કોઈને હોય તે નામુમ્કિન છે. હવે scientists એમ કહે છે કે, ઈ.સ. ૨૦૧૩ માં સૂરજની સતહ (surface) પરથી આગનું એવું તૂફાન ઉઠશે કે ઝમીનની તમામ electronic systems ને તબાહ કરી નાંખશે અને આના સબબ હમણાથી તે ચીઝ રોકવાની કોશિશો ચાલુ થઈ ચુકી છે.

શું ઈન્સાનને દુનિયામાં સલામતી મિલી શકશે ? એવી કઈ જગા છે જે હર ખૌફથી સલામત હોય ? એવી કઈ હાલત છે જેમાં અગર ઈન્સાન રહે તો હરદમ અને હરવક્ત સલામત રહે ? આ તમામ સવાલોનો જવાબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપની હદીસે શરીફમાં ફક્ત એક જુમલા (sentence) માં આપી દીધો કે, દુનિયા, મુમિનને વાસ્તે કૈદખાનું છે અને કાફિરને વાસ્તે જન્નત છે. કૈદખાનું એક એવી જગા છે , જ્યાં મુસીબત સિવાય બીજી કોઈ ચીઝ નથી. મુમિન અગર દુનિયામાં સલામતી તલાશ કરે તો તેને કોઈ જ જગા નહી મિલે મગર પોતાના મઝહબને ઓલખવાથી, શરીઅત પર ચાલવાથી અને દીનને માનવાથી. મુમિનને દુનિયા કોઈ કાઈમી ફાયદો નહી કરે અને એવી નુકસાન કરનારી સખ્ત હાલતમાં શરીઅત પર ચાલવું તે કૈદખાનામાં રહેવા બરાબર છે. દુનિયાની દૌલત, ઔલાદ, મિલ્કત અને તમામ આરામ temporary છે, વક્તી છે. Religion, તેના પર ચાલનારાઓને હર તરહની દુનિયાની મુસીબત પર સબર આપે છે અને આ લોગો બીજા કરતા માનસિક તૌર પર તાકતવર હોય છે - આ ચીઝ આજે science એ સાબિત કીધી છે. **દુનિયામાં વાંકાશ છે, બેસિબાતી છે અને શરીઅત એક સીધો રસ્તો છે.** આ વાંકાશમાં અને કૈદખાનાના અંધારામાં રહીને સીધા રસ્તાને પસંદ કરીને મંઝીલ (આખેરત) તરફ પહોંચવાનું છે. આ સીધા રસ્તા-સિરાતે મુસ્તકીમનું નામ જ દાઅવત છે, જેની બુનિયાદ નબી-વસી એ નાંખેલી છે. આ દાઅવતને કુબૂલ કરીને તેના દામનમાં રેહનાર મુમેનીન હર હાલતમાં સલામત છે, કેમકે એમના મૌલા ઈમામુઝઝમાન (અ.સ.) છે જે હર હાલમાં એમના મુહાફિઝ છે, એમને હર ગમથી છોડાવનાર છે. મુમેનીનને વાસ્તે અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **લા તહેનુ વલા તહઝનુ વઅન્તોમુલ આઅલૌના ઇન કુનતુમ મુમેનીન** - તમે ખૌફ કે ગમ ન કરો, તમારા દરજા તો બલંદ છે અગર તમેં મુમેનીન છો.

સાબિત થયું કે, એક અદના મુમિન વાસ્તે દુનિયામાં સલામતમાં સલામત હાલત તે પોતાના પાકો સાફ મઝહબ પર ચાલવાની છે. તમામ મઝહબ પર અલ્લાહતઆલા એ મઝહબે ઈસ્લામને ફૌકીયત (superiority)

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**નૈકી કીધા બાદ જે શખ્સ તકબ્બુરી કરશે તો એને નૈકી કોઈ ફાયદો નહીં કરે.**

## -::: ઔર ક્યા ચાહીએ :::-

મુઝકો હાસિલ હે ઈશ્કે હબીબે ખુદા, ઝિન્દગી કે લીએ ઔર ક્યા ચાહીએ,
મેરે હાથોં મેં દામન ભી હે આપકા, અબ ખુશી કે લિએ ઔર ક્યા ચાહીએ.

હર જગા પર તો હે નકશે પાએ નબી, અહલે હક્ક ગામઝન ઉસ પે હે આજ ભી,
ફિર બતા તું અય ભટકે હુએ આદમી, રહબરી કે લિએ ઔર ક્યા ચાહીએ.

રહમતે મુસ્તફા સાયા અફગન તો હે, મુત્મઈન હર તરહ સે મેરા મન તો હે,
શમ્એ ઈશ્કે નબી દિલ મેં રોશન તો હે, રોશની કે લિએ ઔર ક્યા ચાહીએ.

થામ લે અય બશર ! દામને મુસ્તફા, દેગા ઉસકે એવઝ તુઝકો જન્નત ખુદા,
હોગા જન્નત મેં દીદારે ખૈરૂલ વરા, જન્નતી કે લિએ ઔર ક્યા ચાહીએ.

સાકીએ હૌઝે કૌસર ભી હે મુસ્તફા, શાફએ રોઝે મેહશર ભી હે મુસ્તફા,
ઝાતે બારી કે મઝહર ભી હે મુસ્તફા, એક નબી કે લિએ ઔર ક્યા ચાહીએ.

હૈ ઈરાદા યહીં વાઈઝે મોહતરમ, ઉમ્ર ભર સીનએ ફર્શ પર કમસે કમ,
દિલ સે કરતા રહૂં ઝિક્રે શાહે ઉમમ, બંદગી કે લિએ ઔર ક્યા ચાહીએ.

લાકે દુનિયા મેં તશરીફ શાહે હુદા, ઝાતે બારી સે સબકો કિયા આશ્ના,
કામ આએંગે મેહશર મેં ભી મુસ્તફા, મુમેનીં કે લિએ ઔર ક્યા ચાહીએ.

અહમદે મુજતબા હે હબીબે ખુદા, અર્શે આઅઝમ પે હે આપકા નકશે પા,
આપ લા રૈબ હે સૈયેદુલ અંબિયા, બરતરી કે લિએ ઔર ક્યા ચાહીએ.

મિલ હી જાએગી અલ્તાફ મંઝિલ તુઝે, ક્યા સતાએ ભલા ફિક્રે બાતિલ તુઝે,
નાઅતગોઈ કા ફન તો હે હાસિલ તુઝે, શાએરી કે લિએ ઔર ક્યા ચાહીએ. □

## -::: બૈરોની પસંદગી :::-

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, લોગો, બૈરોને પોતાના શરીકે હયાત બનાવવામાં અને એનાથી નિકાહ કરીને રિશ્તો જોડવામાં ચાર અહમ ચીઝોનો ખયાલ રાખે છે : (૧) માલો દૌલત (૨) ખાનદાની શરફ (૩) ખૂબસૂરતી અને (૪) દીનદારી.

અય અહલે ઈમાન, તમારામાંથી અકલમંદ અને બહેતર એ શખ્સ છે જે દીનદાર બૈરોને પસંદ કરે. સબબ એ છે કે, દીનદાર બૈરો જ ઈબાદત કરીને પોતાના ખુદાને તો રાઝી કરે છે પણ ઘરના બધા જ તકાઝા પૂરા કરીને ઘરવાલાને પણ રાઝી કરે છે અને કોઈ પણ હાલતમાં **પોતાના શૌહરના હુકૂકને નઝરઅંદાઝ કરતી નથી.** ખૂબસૂરત બૈરો પોતાના હુસ્નો જમાલ પર, ખાનદાની શરફવાલી બૈરો પોતાની ખાનદાની ઈઝઝત પર, માલદાર બૈરો પોતાના માલો ઝર પર ફખર અને ઘમંડ કરવાથી જ ઉંચી નહીં આવે. એના વાસ્તે ઘરના તકાઝા અને શૌહરની ખિદમત બેમાઅના હશે અને આ જ સબબથી એના તઅલ્લુકાત અને રિશ્તેદારીમાં વારંવાર નાઈત્તેફાકી પૈદા થાશે, નારાઝગી અને તકલીફ ઊભી થાશે. □

**સાચો બાપ એ છે જે પોતાના બચ્ચાની તાઅલીમની ફિકર રાખે.**

*(પેજ નં. ૭નું બાકી)* ***હિદાયત : કોણ આપે .....***

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હક્કના મુમેનીન પર નઝરે ઈનાયત છે કે, હમને શરીઅતનો પાક લિબાસ પહેરાવી, હમારા બેજાન જિસ્મમાં આલે અત્હર અઈમ્મતે તાહેરીન અને દોઆતે અમજદીન (સ.અ.) ની મોહબ્બતની રૂહ ફૂંકીને હમને હર તરહ પાકીઝા બનાવેલા છે, તૈયેબીન કીધેલા છે. મૌ.ઈમામ તૈયેબ ના શાહઝાદા ઈમામુઝ્ઝમાન (અ.સ.) અને આપના તૈયેબી દાઈનો સાયએ શફક્ત આજે અલવીયીન તૈયેબીન મુમેનીનના સરો પર છે. હમારી ઉમ્મીદ અલ્લાહની બારગાહમાં એ જ છે કે, રસૂલે મકબૂલ નબી સાહબે બતાવેલી રાહે હિદાયત પર હમેં ચાલીએ અને હમારા રાહનુમા હમારા દાઈએ હક્કના દસ્તે મુબારક પર હમેં હબ્લુલ્લાહ પકડીને હમારી આખેરતની મંઝિલે મુબારક પર પહોંચીએ. □

**હિદાયત દે ખુદા જિસકો વો હી તો નૂર પાતા હે,**
**અંધેરોં મેં વો વરના ઠોંકરે દર દર કી ખાતા હે. □**

---

*(પેજ નં. ૫નું બાકી)* ***અખ્બારે તૈયેબીયાહ .....***

બાઝાર ઉભરતા હશે, અદબની ઉંચી ઈમારતોથી આ જગાઓ મુઝય્યન હશે. આજે આ ચીઝનો એહસાસ હમને તે દોઆતની કિતાબો કરાવે છે જેઓ ઈલ્મના ગહેરા દરીયા હતા અને અદબના આસમાનના ચમકતા સિતારા હતા.

હુઝૂરેઆલી સૈયેદના સાહબની તદબીર, રઝા અને દોઆથી આ સફરે મયમૂન કામિયાબીની મંઝિલ પર પહોંચી અને ખિદમતે કૌમને ઝહેનમાં રાખીને સાહબે દાઅવતનો હર વક્ત એ જ નેક ઈરાદો રહે છે કે, આ તરહની સફરના સબબ અપને વાસ્તે ઈલ્મી તઅલ્લુકાતના નવા દરવાઝા ખુલે, નવા લોગોથી અને નવા માહૌલથી આગાહ થવાય અને ગૈરને નઝદીક અપના વાસ્તે જે કઈ ગલત-ફહેમી યા ઈખ્તેલાફ હોય તે બાહમી મોહબ્બત અને રિશ્તાથી મિટાવી શકાય. સાહબે દાઅવતની કોશિશોના માતહત અલ્લાહતઆલા હર અલવી ફર્દને પોતાની કૌમી અને વતની ઈઝ્ઝત બરકરાર રાખવાની નેક સમઝ અતા કરે. □

---

*(પેજ નં. ૮નું બાકી)* ***સલામતી કહાઁ છે? .....***

આપેલી છે. **ઇસ્લામનો મતલબ જ સલામતીનો છે.** તેના માનનાર પણ સલામત અને તેના સબબ બીજા લોગો પણ સલામત.

મગર હક્ક વાત તો એ છે કે, આ તમામ હકીકતો ને જાનનાર, સમઝનાર અને તેના પર અમલ કરનાર દુનિયામાં ઘણા કમ મુમેનીન છે. અકસર લોગો ગુમ્રાહ છે. નબી, વસી, ઈમામ કે દાઈ જે દુનિયામાં અલ્લાહતઆલાના હુજ્જત-નુમાઈંદા છે, હાદી છે, એ લોગોને સલામતી તરફની દાઅવત આપે છે. **આ દાઅવતનો વુજૂદ રૂહાની આલમથી છે** અને તે આલમમાં સલામતીના ઘરમાં મુમનીને રહેવાનું છે જેને દારૂસ્સલામ કહે છે. દાઅવતે હક્ક કુબૂલ કરીને મુમિન ખુદને દુનિયામાં સલામત કરી લે છે અને આખેરતમાં પણ જહન્નમના અઝાબથી બચાવી લે છે. □

---

## -::: મરઝીએ રબ :::-

જાહિલીયત (જેહાલત) ના ઝમાનમાં એક તવંગર શખ્સ હતા. તે ઈસ્લામથી મુશર્રફ થયા બાદ ગરીબ (નાતવાં) અને લાચાર થઈ ગયા. તો તે શખ્સના મોતઅલ્લિક મૌલાના અલી (અ.સ.) એ ફરમાવું કે, ખુદા તઆલા તેને રહેમત કરે, સબબ તે ખરા દિલથી, વજેહથી ઈસ્લામ માં દાખિલ થયા છે. ફરમાઁબરદારી સાથે જેહાદમાં ઝિંદગી બસર કીધી છે. ખુશખબરી છે તેને વાસ્તે કે, જે આખેરતનો ખયાલ રાખે, કયામતના દિનના હિસાબને મદ્દે નઝર રાખીને અમલ કરે અને જે કંઈ રિઝક હાસિલ થાય તેના પર ખુદા તઆલાનો શુક્રિયા અદા કરે અને અલ્લાહતઆલાની મશિય્યત (મરઝી) પર રાઝી થાય. □

**જેમ શહેરની રોનક એક ખૂબસૂરત બાગથી વધે છે તેમ ઘરની રોનક એક પરહૈઝગાર બૈરોથી વધે છે.**

# -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ■ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ઊભી તરકીબ :**

(૧) નમાઝને --- પઢવાથી અલ્લાહતઆલા ખુશ થાય છે. (૨)

(૨) --- માં પડેલી ચીઝ જેમ જામી જાય છે તેમ અમલમાં ન લેવાતું ઈલ્મ જામી જાય છે. (૩)

(૩) --- ની મિઝાજ-પુરસી કરવી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની સુન્નત છે. (૩)

(૭) જિસ્મમાં જે મુજબ દિલ છે, તે મુજબ દીનનું દિલ ---- છે. (૨)

**આડી તરકીબ :**

(૨) --- ખાવાથી દિમાગ તેઝ થાય છે. (૩)

(૪) દાઈની મોહબ્બતના --- ના સબબ મુમિનનું હર કામ આસાન થાય છે. (૨)

(૫) રિવાજ, તરહ, તરીકો. (૨)

(૬) હર શખ્સ પર હર હાલમાં નમાઝ પઢવી --- છે. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | | સા | | |
| | ક | મ | ર | |
| બ | રી | ■ | અ | સા |
| | મ | આ | દ | |
| | | લ | | |

**સહી જવાબ આપનાર : -----**

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **હસનઅલી અમીરૂદ્દીન ગુલાબીવાલા**
વફાતની તારીખ : ૧૩ સફર ૧૪૩૨ / ૧૮-૧-૨૦૧૧.
સરનામું : બહાર કોલોની, આજવા રોડ, વડોદરા.
ફોન : ૦૯૪૨૯૪૨૯૯૫૬

---

નામ : **સકીનાબુ મીયાંભાઇ મરચાવાલા**
વફાતની તારીખ : ૨૯ મોહર્રમ ૧૪૩૨ / ૪-૧-૨૦૧૧.
સરનામું : તૈયેબી પાર્ક, આજવા રોડ, વડોદરા.
ફોન : ૦૯૨૨૮૫૮૫૭૭૨

---

નામ : **નસીમાબુ અકબરઅલી ઇલેક્ટ્રીકવાલા**
વફાતની તારીખ : ૭ સફર ૧૪૩૨ / ૧૨-૧-૨૦૧૧.
સરનામું : મહેદી નગર, બાવામાન પુરા, પાણીગેટ, વડોદરા.
ફોન : ૦૯૬૩૮૩૬૬૩૯૨

---

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

---

નોંધ :-

જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઇ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૭૫/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. □

## -: અમલે ખાસ :-

રસૂલે આઅઝમ (સ.અ.વ.વ.) ને એક આપના અકીદતમંદે પૂછ્યું કે, અય હમારા દીનો દુનિયાના મૌલા, આપ મને એ અમલ બતાવો કે જેને પર ચાલવાથી હું અલ્લાહને નઝદીક થાઉં અને આપ મૌલાને કરીબ હમને ફૌઝો ફલાહ, કામિયાબી અને કામરાની મીલે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, અલ્લાહના કસમ, તે અમલ તમારી આઁખોને નીચી રાખવાથી ઝિયાદહ બીજું કઈ નથી. તમેં જે ચીઝ તમારે અને તમારી ઔલાદને વાસ્તે પસંદ કરો છો તે જ ચીઝનો હમારે અને બીજાઓને વાસ્તે પણ ઈરાદો રાખો. તો જ તમેં અલ્લાહતઆલા અને હમારે નઝદીક કામિયાબ થાશો. □

**દીન ઈઝ્ઝત છે. ઈલ્મ ખઝાનો છે. ખામોશી નૂર છે.**

---

**જે ચીઝને જાણતો ન હોય યા જેનું ઈલ્મ ન હોય તેની પૈરવી ન કરવી જોઈએ. કાન, આઁખ, દિલ અને ઝબાન બાબત એને સવાલ થાશે.**

**કોઈ ધોકાથી અને હદથી વધારે માલ જમા કરે છે તો એ કોઈના પર ઝુલ્મ કરે છે યા તેના સબબ કોઈ ગરીબ બને છે.**

## -::: સૂરએ કુરૈશ-લેઈલાફે કુરૈશ :::-

અલ્લાહતઆલાનું ફઝલો એહસાન છે **કુરૈશના કબીલા** પર કે તેમાં ઈમામતે ઈસ્તિકરારીયાહ - કાઈમી દાઈમી ઈમામત, બાવાજી પછી દિકરા તરફ આગલ વધનારી ઈમામત જારી કીધી. નતીજતન મૌ.અબ્દુલ્લાહથી મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) નુબૂવત અને રિસાલતના માલિક બના અને મૌ.અબુ તાલિબથી અલીયુલ મુરતઝા (સ.અ.) વસાયત અને ઈમામતના માલિક બના. કુરૈશીઓનો શરદીની મૌસમમાં વેપારી કાફલાઓને યમન તરફ લઈ જાવાનો ઈશારો, ઈમામે આલે મોહંમદ મૌ.ઈમામ તૈયેબ (અ.સ.) ના બાદ યમનમાં સતરની દાઅવતનો છે, **જેમાં મુમેનીન પર તકલીફ અને મહેનત ઘણી જ ઝિયાદહ હોય છે.**

આ સૂરતમાં તીસરા નાતિક નબીયુલ્લાહ ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ના વસી મૌ.ઈસ્માઈલ ઝબીહુલ્લાહ (અ.સ.) ના ફરઝંદોમાં ઈમામતની શાન ઝાહિર થાય છે. ખાસ કરીને નબી સાહબના જદ્દે અમ્જદ મૌ.હાશિમ (અ.સ.) ની ઝિક્ર છે જે લોગોને રોટલીનો હશમો કરીને મલીદા જેમ તમામ ચીઝોને મિલાવીને જમાડતા હતા. આ સૂરતમાં અલ્લાહ જે ભૂખ અને ખૌફને મિટાવે છે, તે ઈબાદત મુકીને કુફ્ર કરનાર શખ્સને ભૂખ અને ખૌફનો મઝા પણ ચખાવે છે. આ સૂરતને સૂરતુલ ઈલાફ પણ કહે છે, જેની તિલાવત કરનારને અલ્લાહ **જન્નતના ઊંટ અને નૂરના થાલ** ઈનાયત કરશે. જે શખ્સને પેટનું દર્દ દૂર કરવું હોય, ભૂખમાં રાહત જોઈતી હોય યા અમાન હાસિલ કરવું હોય તેને આ સૂરત પઢવી જોઈએ. જે શખ્સને તૈઝ બુખાર હોય તો પાકેલા ચણા પર ૧૧ મરતબા આ સૂરત પઢીને બીમારને તે જમાડવા જોઈએ. જે શખ્સ પોતાના ઘરથી બહાર નિકલે તો ત્રણ વાર પઢીને નિકલે, જેથી આ સૂરતની બરકતથી અલ્લાહ તેને રિઝકે હલાલ આપે અને સલામતી સાથે તેના ઘર તરફ તેને પાછો વાલે.

સૂરતુલ ઈલાફની માઅના : કુરૈશને મિલાવી રાખવા વાસ્તે, આ સઘલાને મિલાવી રાખવું શરદી (યમન) અને ગરમી (શામ) ની સફરમાં. પછી કુરૈશને આપ (નબી સાહબ) દાઅવત દો કે, તેઓ આ ઘરના રબની ઈબાદત કરે, જે રબએ સઘલાને ભૂખમાં જમાડા અને ખૌફથી અમાન આપું. □

**રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, ચાર ચીઝો એવી છે કે, તેની કદરો કીમત અને એહમીયત ચાર શખ્સો સિવાય બીજા નહી જાણી શકે :**

**(૧) જવાનીની કદર બુઝુર્ગ-ઝઈફ સિવાય કોઈ નહી જાણી શકે.**

**(૨) ચુસ્તત-સહેલાઈની કદર સખ્તાઈથી ગુઝરનાર લોગો સિવાય કોઈ નહી કહી શકે.**

**(૩) સેહત-તંદુરસ્તી ની કદર મરીઝ-બીમાર સિવાય કોઈ નહી જાણી શકે.**

**(૪) ઝિંદગીની કદર ગુઝરી ગયેલા શખ્સ સિવાય કોઈ નહી જાણી શકે.** □

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬.□

-::: જાહેર ખબર :::-

Ismat Madam's

**GENIUS PERSONAL TUITION CLASS**

Std.10 : Sanskrit, Gujarati, Hindi

(Eng. & Guj. Medium)

**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**

103, Ali Chamber-1, Taiyebi Park,

Ajwa Road, Vadodara - 19.

M.: 9974405146 □

---

**માસુમા બુટીક**

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ,

પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬,

૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. □

---

**રૂબી કલેક્શન**

**# ફેન્સી રિદા અને મટેરીયલ # ટી શર્ટ ઇઝાર-પાઇજામા # ફેન્સી લેસ # ફેન્સી જોડી # બધા જ પ્રકારના કોટન ડ્રેસીસ તથા મટેરીયલ**

**સુલેમાની બેંક પાસે, એમ.ઇ.એસ ગર્લ્સ સ્કૂલ સામે, ગેંડીગેટ, વડોદરા.**

**મો.: ૯૯૯૮૦૫૮૦૫૭.** □

---

**એ-વન જ્વેલરી એન્ડ કોસ્મેટીક્સ**

**અમારે ત્યાં બગસરા અને ડાયમંડ જ્વેલરી તથા કોસ્મેટીક્સ અને Wiz® કંપનીના હેન્ડ વોશ, સોપ હોલસેલના ભાવે મળશે.**

અલ-ફતેહ કોમ્પ્લેક્ષ, બીજા માળે, વાડી, નવાપુરા, વચલા ફળીયા, સૈયદ ફોટો સ્ટુડીયોની ગલીમાં, વડોદરા.

**સકીનાબેન M.: 9974181403.** □

-::: જાહેર ખબર :::-

**IMAGE ACCOUNTANCY**

Ibrahim H. Tinwala

M.: 9898442032

Contact for all types of computer accounting work, sales tax return manual & vat-e-return, CST-e-return & Personal return.

**ZULFI TRAVELS**

Zulfiqarali H. Tinwala

M.: 9974382384 (R) 2510639

Govt.Authorised IRCTC Railway Agent

Contact for all types of

Railway ticket booking, Air & Bus Booking.

**B-203, Sakina Appt., Taiyebi Park Society, Ajwa Road, Vadodara.** □

---

**અલીફીયા સોરંગવાલા**

**મો.:** ૯૫૩૭૫૧૯૮૬૭

ઘરના વાતાવરણમાં પૌષ્ટીક નાસ્તા સાથે તમારા બાળકના ભવિષ્યનો પાયો મજબૂત કરો. ૨ વર્ષથી ૪ વર્ષ સુધીના બાળકોને એડમીશન આપવામાં આવે છે. JKG, SKG, 1st, 2nd, 3rd સુધીના ટયુશન અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના આપવામાં આવે છે. કોમ્પ્યુટર કલાસમાં બેઝીક, ટેલી, ડી.ટી.પી, સી. પ્લસ પ્રોગ્રામ અને ડિપ્લોમાં (ડી.સી.એ.) તથા ઓફિસ વર્ક ખૂબ જ સરળતાથી અને વ્યાજબી ભાવે શીખવાડવામાં આવે છે. □

---



Ismat Madam's

**GENIUS PERSONAL TUITION CLASS**

Std.10 : Sanskrit, Gujarati, Hindi

(Eng. & Guj. Medium)

**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**

103, Ali Chamber-1, Taiyebi Park,

Ajwa Road, Vadodara - 19.

M.: 9974405146 □


**મોહબ્બત પૈદા કરવાનો બહેતરીન નુસ્ખો સલામ કરવું છે.**

## -::: ઝાહેર ખબર :::-

### એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એક્સચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા.

---

### Shelina's Creation

**અમારા ત્યાં બધા પ્રકારના ટેલરીંગ કામો તથા કાપડને ડિઝાઇનીંગ વ્યાજબી ભાવે કરવામાં આવે છે. સલવાર-કમીઝ તથા કુરતાનું કલેક્શન પણ રાખીએ છીએ.**

**વેકેશનમાં હોબી કલાસિસ, એમ્બ્રોઇડરી અને દરેક પ્રકારના પેઇન્ટીંગ શીખાવવામાં આવશે.**

એ-૭૦૨, અંબર કોમ્પ્લેક્ષ, મહાવીર હોલને નજીક, આજવા રોડ, વડોદરા.

**M.: 9974165742**

---

### અપ્સરા રબર સ્ટેમ્પસ

**રબર સ્ટેમ્પ, કોમ્પ્યુટરાઇઝડ નાયલોન સ્ટેમ્પ, પ્રી-ઇંક સ્ટેમ્પ, બ્રાસ સ્ટેમ્પ, બ્રાસ સીલ, ઓફીસ સેટ, ડેટર, નંબરીંગ, સેલ્ફ ઇંક, સ્ટેશનરી અને દરેક જાતનું પ્રીન્ટીંગ અને ડીઝાઇનીંગ, ઝેરોક્ષ, કલર ઝેરોક્ષ, લેમીનેશન, ફેક્ષ, પાનકાર્ડ, પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ નોટરી સાથે બનાવનાર.**

-----------

### અપ્સરા કલેક્શન

**સૌંદર્ય પ્રસાધનો, ઇમીટેશન જ્વેલરી, સ્ટોન જ્વેલરી, ઇલેક્ટ્રોનીક્સ ટોઇઝ, ગેમ્સ, વીડીયો ગેમ, કેમેરા રોલ, ગીફ્ટ આઇટમ, સેન્ટ, સ્પ્રે, પરફ્યુમ, બોડી સ્પ્રે, રૂમ સ્પ્રે, બેબી-સાયકલ, વોકર, થ્રી ઇન વન ઝુલા, કોસ્મેટીક્સ, હોઝિયરી, કટલરી, સ્ટેશનરી, ઇલેક્ટ્રીકલ્સ, મોબાઇલ રીચાર્જ, મેમરીકાર્ડ, પેનડ્રાઇવ, સીમકાર્ડ, ડાઉનલોડ, વગેરે.**

જીએફ-૭, સાંઇ અર્પણ કોમ્પ્લેક્ષ, અલ્પના ટોકીઝની પાસે, પ્રતાપનગર, વડોદરા - ૦૪.

**હાજી નાદેઅલી લોખંડવાલા**

**M.: 9924003831 / 9328644280.**

## -::: ઝાહેર ખબર :::-

### બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,* વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩

---

### નૂર ગેસ સેલ્સ એન્ડ સર્વિસ

મો.: ૯૮૨૪૩૯૨૭૧૩

**દરેક પ્રકારના ગેસના ચુલા સંતોષકારક અને ખાત્રીપૂર્વક તાત્કાલીક રીપેરીંગ કરી આપનાર.**

**(હોમ સર્વિસ સાથે)**

બરાનપુરા, શિવાજી બેંકની સામે, વડોદરા.

---

**.... કારપેટ .... કારપેટ .... કારપેટ ....**

અમારે ત્યાં નવીન ડિઝાઇન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....

### લકી કારપેટ સેન્ટર

C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬

વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા.


## -::: પહેલી સાલગિરાહ :::-



પ્યારા દિકરા **મોહસિનઅલી** ને એના વાલેદૈન સોફીયા અને અબ્બાસઅલી મેવલીવાલા તેમજ દાદા-દાદી અને એના મોટા દાદાજી અલ-હાજ્જ ઝૂવાર શેઠ અલીહુસૈનભાઇ પહેલી સાલગિરાહની મુબારકબાદી આપે છે.

**૭ સફર ૧૪૩૨ હિ.**

## -::: સાલગિરાહ મુબારક :::-



**૨૭ સફર**

**મુલ્લા અમીરૂદ્દીન મુલ્લા ગુલામહુસૈન જરીવાલા** ને સાલગિરાહ મુબારક થાય, અલ્લાહતઆલા પૂરી ઝિંદગી દાઅવતે હાદીયાહની ખિદમત બજા લાવવાની તૌફીક અતા કરે.